**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ**

**Date : 05-06-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ હેઠળ રાજ્યના સાત જિલ્લામાં 19 હજાર 225 હેક્ટર વિસ્તારમાં વૃક્ષારોપણ કરાશે.
2) રાજ્યભરમાં આજે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી
3) કડી વિધાનસભા બેઠક પર 8 અને વિસાવદર બેઠક પર 16 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં
4) ઉનાળુ વેકેશન દરમિયાન ST નિગમે 2 હજાર 780 વધારાની બસો દોડાવી- આઠ લાખથી વધુ મુસાફરોએ લાભ લીધો
૫) રાજ્યમાં આગામી સાત દિવસ કમોસમી વરસાદની આગાહી

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**CM MAHATMA MANDIR**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ હેઠળ રાજ્યના સાત જિલ્લામાં 19 હજાર 225 હેક્ટર વિસ્તારમાં વૃક્ષારોપણ કરાશે. આજે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી દરમિયાન શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

આ પ્રસંગે શ્રી પટેલે અમદાવાદ તથા સુરતના ઓલપાડ ખાતે બેગ વેન્ડિંગ મશીનનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-GPCBના ભરૂચ ખાતેના પ્રાદેશિક ભવનનું લોકાર્પણ, અમદાવાદ પ્રાદેશિક ભવનનું ખાતમુહૂર્ત, GPCB મોરબી ખાતેની એર લેબોરેટરીનું લોકાર્પણ, હાલોલ ખાતે કોમન એફ્લયુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું.

આ ઉપરાંત શ્રી પટેલે અદ્યતન XGN પોર્ટલ, સાઇટિંગ ક્રાઇટેરિયા ટુલનું PM ગતિ શક્તિ પોર્ટલ, પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ડેશબોર્ડ, અદ્યતન GCZMAની વેબ સાઈટ સહિત 11 જેટલા પર્યાવરણીય પોર્ટલનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . .

**CM ENVIRONMENT DAY**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું-ગાંધીનગર સચિવાલય સંકુલ પરિસરમાં 16 હજાર જેટલા વૃક્ષોનું માતૃવન-વન કવચ બનાવાશે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 'એક પેડ માં કે નામના બીજા તબક્કા' અંતર્ગત માતૃવન વનકવચ નિર્માણનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે જણાવ્યું કે ગુજરાતે આ અભિયાનમાં 17 કરોડ 48 લાખ રોપાઓના વાવેતર સાથે દેશભરમાં દ્વિતીય સ્થાન મેળવ્યું છે. તેમણે નાગરિકોને હરિયાળી વધારવામાં સહયોગ આપવાનો સંકલ્પ લેવા અપીલ કરી હતી.

અગાઉ આજે સવારે શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં વૃક્ષારોપણ કરીને અમદાવાદ મહાનગરપાલિકાના 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. આ સાથે જ તેમણે મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાનના ટેબ્લો અને 11 વૃક્ષરથનું પ્રસ્થાન કરાવ્યું. શ્રી પટેલે ચાંદલોડિયા વોર્ડમાં નિર્માણ પામનારા 'સિંદૂર વન'ના નિર્માણનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, 'ઓપરેશન સિંદૂર'ના સન્માનમાં ચાંદલોડિયા વોર્ડમાં 551 સિંદૂર વૃક્ષો સાથેનું 'સિંદૂર વન' તૈયાર કરાશે.

. . . . . . . . . . . .

**World Environment Day-1**

રાજ્યમાં આજે મંત્રીઓની ઉપસ્થિતીમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ.

નાણાંમંત્રી કનુ દેસાઈની અધ્યક્ષતામાં વલસાડ જિલ્લાનાં વાપીમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શ્રી દેસાઈએ લખમદેવ તળાવ અને ચલાના અટલબિહારી વાજપેયી જન ઉદ્યાનનું ડિજિટલ અનાવરણ કર્યું હતું

મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ ગાંધીનગરની બોરીજની ત્રણ આંગણવાડી કેન્દ્રોના ૯૨ બાળકો સાથે પુનિતવન ખાતે વૃક્ષારોપણ કર્યું. તેમણે કહ્યું કે પ્રકૃતિનું સંવર્ધન અને જતન કરવું તે આ સમયની તાતી જરૂરીયાત છે.

વડોદરા કલેક્ટર કચેરીના પટાંગણમાં કલેક્ટર ડૉ. અનિલ ધામેલિયા હસ્તે વડલાના રોપનું રોપણ કરવામાં આવ્યું હતું.

સાબરકાંઠાના અરવલ્લી જિલ્લામાં ચાલો પ્રકૃતિ કી ઔર કાર્યક્રમ અંતર્ગત 500 રોપાનું વિતરણ કરવામાં આવ્યું.

છોટાઉદેપુરના ઇકો ટુરિઝમ કેવડી ખાતે કલેક્ટર ગાર્ગી જૈન એ લોકોને પ્લાસ્ટિકના ઉપયોગને સદંતર બંધ કરવાની અપીલ કરી

સુરેન્દ્રનગરમાં "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત સુરસાગર ડેરી ખાતે ૧,૫૦૦ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું,

ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે નર્સિંગ સ્કૂલ અને એફ.એસ.ડબલ્યુ.ના વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ પર્યાવરણ સુરક્ષા અંગેના વિવિધ સૂત્રોચારો ઉચ્ચાર્યા હતા

**World Environment Day-2**

ભાવનગરની નંદકુંવરબા મહિલા કોલેજ-દેવરાજનગરના રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. અને પર્યાવરણને બચાવવાના સંકલ્પ લીધા હતા.

ડાંગના આહવાની ગીતાંજલિ સ્કૂલ ખાતે ૧૫૦ જેટલા છોડવાઓ રોપાયાં હતા. આ પ્રસંગે ઉત્તર ડાંગ વન વિભાગના મદદનીશ વન સંરક્ષક રાહુલ પટેલે જણાવ્યું કે, આપણાં સ્વાસ્થ્ય ને સારું અને સ્વસ્થ રાખવા સ્વચ્છ ચોખ્ખી આબોહવા મળી રહે તે માટે જંગલને બચાવવું અને વૃક્ષોનું વાવેતર કરવું ખૂબ જ જરૂરી છે.

નવસારી કૃષિ યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી આ પ્રસંગે કેવિકેના વડા ડૉ.કે.એ.શાહે ખેડૂતોને વધુમાં વધુ ઝાડ ઉછેરવા તથા જમીન અને પાણી ગુણવત્તા જાળવવા, વધુ પડતા રાસાયણિક ખાતરો અને દવાઓનો ઉપયોગ ઘટાડવા પર ભાર મૂકયો હતો.

ભુજ શહેરમાં વિશેષ સફાઈ અભિયાનમાં ભારતીય સેનાનાં જવાનો અને નાગરીકો દ્વારા "પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત"ની થીમ અનુરૂપ પ્લાસ્ટિક મુક્તિ અંગેના સંદેશને પોસ્ટર, અને ગીતના માધ્યમ દ્વારા પાઠવાયો.

તાપીના સોનગઢ તાલુકાના સાદડુન ગામે ૫૦૦ થી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યુ.

પાટણ સાયન્સ સેન્ટર ખાતે પર્યાવરણ સંરક્ષણ વિષય પર લોકપ્રિય ચર્ચા, વૈજ્ઞાનિક-શો, વૃક્ષારોપણ, આઈસીડીએસ, સખી મંડળ દ્વારા વિદ્યાર્થીઓને કાપડની બેગ બનાવવા પર વર્કશોપ અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત 15 જેટલી પ્રજાતિઓના 150 થી વધુ વૃક્ષો રોપવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

**KUTCH REACTION**

1971ના પાકિસ્તાન સામેના યુદ્ધમાં હિંમત અને બહાદુરીનું અદ્ભુત ઉદાહરણ રજૂ કરનાર કચ્છના માધાપરની વીરાંગનાઓએ તાજેતરમાં ભૂજની મુલાકાતે આવેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સિંદૂરનો છોડ ભેટમાં આપ્યો હતો. આજે વિશ્વ પર્યાવરણ દિવસ પર પ્રધાનમંત્રી શ્રી મોદીએ નવી દિલ્હી સ્થિત પ્રધાનમંત્રી આવાસ ખાતે તે છોડ રોપ્યો હતો. સમગ્ર કચ્છ સાથે માધાપરની આ વીરાંગનાઓમાં પણ આ નિમિત્તે આજે ખુશી છવાઈ ગઈ છે. શ્રી મોદીને સિંદૂરનો છોડ ભેટ આપનાર વીરાંગનાઓ પૈકીના એક એવા એક લાલબાઈ ભૂડિયાએ આકાશવાણીને જણાવ્યું કે, આ છોડ સ્વીકારતી વખતે, પ્રધાનમંત્રીએ વચન આપ્યું હતું કે હું પ્રધાનમંત્રી આવાસમાં આ છોડ રોપીને તમને બધાને દરરોજ યાદ કરીશ.

(બાઈટ - લાલબાઈ ભૂડિયા, માધાપર, કચ્છ)

. . . . . . . . . . . . .

**MID BREAK- NEWS- REGIONAL**

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

**BY ELECTIONS**

કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો પર ઉમેદવારી પત્ર પરત ખેંચવાનો આજે અંતિમ દિવસ હતો. કડી વિધાનસભા બેઠક પર કુલ 11 ઉમેદવારી પત્રો નોંધાવી હતી જેમાં આજે 3 ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચતા હવે કુલ 8 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જ્યારે વિસાવદર વિધાનસભા બેઠક પર આજે ત્રણ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પરત ખેંચતા હવે 16 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે જેમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો વચ્ચે સીધો જંગ જામશે તેવા અહેવાલ મળી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કડી બેઠક પર ધારાસભ્ય કરસન સોલંકીના અવસાન અને વિસાવદર બેઠક પર ભૂપત ભાયાણીના રાજીનામા બાદ આ બંને બેઠક ખાલી પડી હતી. બંને બેઠકો માટે આગામી 19 જૂને મતદાન અને 23 જૂન મતગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . . . .

**GSRTC EXTRA BUS**

ઉનાળુ વેકેશન દરમિયાન ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા 2 હજાર 780 વધારાની બસો દોડાવવામાં આવી. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર 8 લાખથી વધુ મુસાફરોએ આ સુવિધાનો લાભ લીધો છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મુસાફરોની સંખ્યામાં 2 લાખ 38 હજારનો વધારો થયો છે. આ વધારાની બસોના સંચાલનથી એસ.ટી નિગમને 3 કરોડ 78 લાખ રૂપિયાથી વધુની આવક થઈ છે.

પ્રવાસીઓ ધાર્મિક સ્થળોના દર્શને જઈ શકે તે માટે એસ.ટી નિગમ દ્વારા અમદાવાદથી અંબાજી, સોમનાથ, દ્વારકા માટે રોજની 10 ટ્રિપ અને ડાકોર, પાવાગઢ, ગીરનાર માટે રોજની 5 ટ્રિપ તથા પ્રવાસન સ્થળો જેવા કે, સ્ટેચ્યુ ઑફ યુનિટી, સાસણગીર, સાપુતારા માટે અમદાવાદથી રોજની 5 ટ્રિપ તેમજ દીવ અને કચ્છનાં પ્રવાસ માટે અમદાવાદથી રોજની 10 બસોની ટ્રિપનું આયોજન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

**AHMEDABAD CORONA**

અમદાવાદ શહેરમાં એક જ દિવસમાં કોરોનાના 70 જેટલા કેસ નોંધાયા છે જ્યારે 31 લોકો સાજા થયા છે અત્યાર સુધીમાં કોરોનાના કુલ 471 જેટલા કેસ નોંધાયા છે જેમાં હાલમાં 320 જેટલા સક્રિય કેસ છે. સૌથી વધુ પશ્ચિમ વિસ્તારમાં વાસણા, પાલડી, આશ્રમરોડ, વાડજ, નવાવાડજ, ચાંદખેડા, સાબરમતી, મોટેરા, સુભાષબ્રિજ, ગોતા, ચાંદલોડિયા, ઘાટલોડિયા, થલતેજ, બોપલ ઘુમા, વસ્ત્રાપુર સહિતના વિસ્તારોમાં 200થી વધુ કેસ નોંધાયા છે.

દરમિયાન, સુરેન્દ્રનગર જિલ્લામાં કોરોના ત્રણ કેસ નોંધાયા હતા. ધ્રાંગધ્રા શહેરમાં બે અને ધ્રાંગધ્રા તાલુકાના રાજગઢ ગામમાં કોરોનાનો એક કેસ સામે આવ્યો છે. ત્યારે જિલ્લાનું આરોગ્ય વિભાગ સતર્ક બની ગયું છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી બી જી ગોહિલે વધુ માહિતી આપી.

(બાઇટ: બી.જી. ગોહિલ, જિલ્લા આરોગ્ય અધિકારી)

. . . . . . . . . . . . .

**WEATHER**

રાજ્યમાં આગામી 7 દિવસ કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આવતીકાલે અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, ખેડા, દાહોદ, વડોદરા, આણંદ, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, ,દાદરાનગર હવેલી, સુરેન્દ્રનગર, બોટાદ, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું હતું.

(બાઇટ: ડૉ.એ.કે.દાસ, નિયામક હવામાન વિભાગ)

. . . . . . . . . . . . .